જીવન સરગમ

બિન્દુબેન કચરા

# ભક્તિમાર્ગનું શ્રેષ્ઠ સોપાન-ચરણ સ્પર્શ...!



ચરણ... પવિત્ર પ્રેમનું સ્થાન છે. આપણે રોજબરોજના વ્યવહારમાં એક સંસ્કાર જોઈએ છીએ. સંતાનોને માતાની ચરણરજ લેતાં... આજ્ઞાંકિત તેજસ્વી શિષ્યને ગુરુને નમન કરતાં.

દેશભક્તને માતૃભૂમિના ચરણે વંદન કરતાં... આસ્તિકને ઈશ્વરનાં ચરણોને પૂજતાં... નાનાઓને વડીલોનાં ચરણોને નમન કરતાં... સવારે ઊઠતાંની સાથે પ્રથમ જમણો પગ જમીન પર મૂકી શ્લોક બોલીએ છીએ.... 'પાદસ્પર્શ ક્ષમસ્વ મે.' ધરતી પણ આપણી માતા છે. આખો દિવસ ધરતીમાતાને આપણે કષ્ટ આપીએ છીએ, ખૂંદીએ છીએ. ઉપર થૂંકીએ છીએ. કેટલુંય દુઃખ આપીએ છીએ છતાં તે અન્ન-ફળ આપી આપણને જીવન આપે છે. તે ધરતીમાતાને નમન કરી સ્પર્શ કરી ક્ષમા માંગીએ. ઘરે સંતોની પધરામણી કરાવી તેમના ચરણસ્પર્શ કરવાનો મહિમા છે. ઉંબરાનું પૂજન-તેના પર લક્ષ્મીજીનાં પગલાં કંકુથી આલેખીએ છીએ.

ઘરમાં પુત્રવધૂના પ્રથમ પ્રવેશ વખતે પગ ધોવાની વિધિ કરાય છે. તેના કંકુપગલાં પડાવાય છે. શુકનમાં એક ભાવના હોય છે કે સ્ત્રી એટલે લક્ષ્મી. તેનાં પાવન પગલાં ઘરમાં ફરી વળે અને ઘર રૂમઝૂમતું-રણકતું થઈ જાય. અમારી નવોઢા પૂજાએ આમ જ ગૃહપ્રવેશ કર્યો. પછી વડીલ દાદીમા-કંકુબાએ પૂજાને કહ્યું, ''બેટા! બધા વડીલોના ચરણસ્પર્શ કર...!'' ત્યાં તો પૂજા ગુસ્સે થઈ બોલી ''હું કોઈને ચરણવંદન ન કરું...! હું ભગવાન સિવાય કોઈને ચરણસ્પર્શ કરવામાં માનતી નથી.''

વહુના આ વર્તનથી સૌ અવાક્ થઈ ગયા. કંકુબા બોલ્યાં, ''ભલે તારી મરજી પણ એ ચરણનો પ્રતાપ કેટલો છે તે હું તને જણાઉં...!

શેષનાગ પર પડેલા શ્રીકૃષ્ણના ચરણ લક્ષ્મીજી ચાંપે છે. ભક્તિમાર્ગનું શ્રેષ્ઠ લક્ષણ ચરણસ્પર્શ. ચરણસેવા દાસ્યભાવ છે. વડીલ ગુરુજીના ચરણસ્પર્શ કરવાથી એમના સદ્‌ગુણો ગ્રહણ કરી એમના આશિષ મેળવીએ. જે ચરણસેવા કરે તે પ્રભુહૃદયમાં સ્થાન પામી શકે. ગુરુચરણે બેસીને વિદ્યા સંપન્ન કરી શકાય. નમે તે ગમે. ગુરુકૃપાથી પંગુમ્ લંઘયતે ગિરિમ્. શક્તિમાન બનાય. આ બધો છે ચરણનો પ્રતાપ...!

સગરપુત્રોને અભિશાપ મુક્ત કરવા ભગીરથે તપ કરી ગંગાજીને રાજી કર્યા. ગંગાજી વિષ્ણુ ભગવાનના ચરણ અંગૂઠામાંથી પ્રગટ થયાં. શિવજીની જટામાં ઝીલાયાં. ઉચ્ચ સ્થાને બિરાજ્યાં.

રામચંદ્રજીને ગંગા પર કરાવવા નાવમાં બેસવાની ઉતરાઈ ન માંગતા કેવટે રામજીની ચરણરજ લેવા માટે કથરોટમાં તેમના ચરણનું પ્રક્ષાલન કરવા દેવા આજીજી કરી.

**પગ આપણા શરીરની ગતિનું, પ્રગતિનું પ્રતીક છે. ચરણ તો ચાલતાં જ સારાં. વહેતું પાણી જેમ નિર્મળ રહે છે તેમ ચાલતાં ચરણ શરીર અને મનને નિર્મળ રાખે છે**

'પગ મને ધોવા દો રઘુરાય' કેવટને એ ચરણ ધોવામાં કેટલો આનંદ મળ્યો. હનુમાનજી પણ સદા રામચરણે બિરાજે છે. તેથી જ તો શ્રીરામના હૃદયમાં એમનું સ્થાન અજેય છે. અહલ્યાને શ્રીરામનો ચરણસ્પર્શ થતાં જ શલ્યામાંથી અહલ્યા બની.... શ્રાપમુક્ત થઈ. સીતાજીની શોધમાં નીકળેલા રામે લક્ષ્મણને વનવાસ દરમિયાન સીતાજીના દાગીના ઓળખવા કહ્યું તો લક્ષ્મણ બોલ્યા, ''દરરોજ ભાભીના ચરણસ્પર્શ, ચરણસેવા કરતી વખતે એમનાં ઝાંઝર નિહાળ્યાં છે. તેથી ફક્ત એક જ આભૂષણને ઓળખી શકું છું.''

વરદાનમાં મળેલું અયોધ્યાનું રાજપાટ છોડી ભરતજી ચિત્રકૂટ પધારે છે અને જયેષ્ઠ ભ્રાતા રામજીની ચરણપાદુકાની માંગણી કરી તેને મસ્તક પર ધરાવી અયોધ્યા લાવી રાજસિંહાસન પર પધરાવી. ભરતે રામજીની ચરણપાદુકાની આજ્ઞા સાથે રાજ્ય ચલાવ્યું.

શ્રીકૃષ્ણે કાલીનાગના મસ્તક પર ચરણ ચાંપી તેના મદનું ખંડન કર્યું. મંદિરોમાં દાખલ થતાં આપણે સૌ પગથિયાં પર મસ્તક ટેકવી પ્રભુની ચરણરજ માથે ચઢાવીએ છીએ.

પગ આપણા શરીરની ગતિનું, પ્રગતિનું પ્રતીક છે. ચરણ તો ચાલતાં જ સારાં. વહેતું પાણી જેમ નિર્મળ રહે છે તેમ ચાલતાં ચરણ શરીર અને મનને નિર્મળ રાખે છે. પગ આપણનું કેટલું બધું કામ કરે છે અને કેટકેટલી સ્થિતિસ્થાપકતા ધરાવતા પગો...! થંભી ગયેલા પગો, રિક્ષા કે મોટરની બ્રેક સાચવતાં પગો, યુવાશક્તિનું જોમ બતાવતાં દોડતાં પગો. આજની સ્ત્રી જે બધાં ક્ષેત્રોના મોરચા સંભાળે છે તે સ્ત્રીના દોડતા પગો. લારી ખેંચતા મજૂરના પગો કે નવદંપતીના પગો કે પછી સડક પર ચાલતાં સેંકડો માનવીના પગો. પગ આપણા પુરુષાર્થને ગતિમાં રાખે છે. શરીરમાં પગ ન હોત તો? તો જીવન કેવું અઘરું?!!! નાનપણથી કવિતા યાદ આવી ગઈ.

'નાના મારા પગ તે ચાલે ઝટપટ,
એ તો કેવી અજબ જેવી વાત છે....'

વિજ્ઞાનયુગના માનવીએ આજે ચંદ્ર પર પગલાં પાડ્યાં છે. પરંપરા અને પ્રગતિ વચ્ચેના પુરુષાર્થની એ પ્રતીતિ કરાવે છે. આપણાં દરેક ચરણ-પગલાં સફળ જ થાય છે એવું નથી નિષ્ફળ પગલાં જ સફળતા તરફ પગલાં પાડવાને પ્રેરે છે. જો દૃષ્ટિ સાબૂત હશે તો પગલાં મક્કમ અને સ્થિર પડશે અને તે સિધ્ધિના શિખર સુધી લઈ જશે. પણ આપણે તો એટલા બધા ટૂંકી દૃષ્ટિવાળા થઈ ગયા છીએ કે બીજાનાં ખોટાં પગલાં આપણે જલદી પારખી શકીએ છીએ. જ્યારે આપણાં દિશાશૂન્ય પગલાંની આપણને પરવાહ નથી.

ઘૂંટણિયા ભરતાં નાનાં બાળકોના પગને જોઈશું તો આપણને ખ્યાલ આવશે કે પગમાં પ્રભુ વસે છે અને જ્યાં સુધી આ પૃથ્વી પર પવિત્ર પગોનું અસ્તિત્વ છે ત્યાં સુધી માનવીનાં ચરણ ચાલતા રહેશે... પૂજનીય રહેશે...

તો વાચકમિત્રો .... ચર્યા કરે તે ચરણ. ચરણ આખા શરીરનો ભાર ઊંચકે. મન જ્યાં દોડાવે ત્યાં દોડે ચરણ. શુધ્ધ આચરણ થકી જ ચરણની શોભા વધે છે. શુધ્ધ આચરણ આચરનારાના જ ચરણપૂજ્ય હોય છે, વંદનીય હોય છે, શરીર અને મન જેના પવિત્ર તેના ચરણ પણ પવિત્ર. જે ચરણ શરીરની, સમાજની આટલી મોટી સવા બજાવે છે તે ચરણોને કોટિ કોટિ વંદન...

મિત્રો... આપણાં પોતાનાં ચરણોની હંમેશાં કાળજી રાખી ગતિમાન રાખીએ...

## સુવર્ણરજ

મુસાફર સદાનો બની નીકળ્યો છું
સતત ખળખળી ઝળહળી નીકળ્યો છું
પડે રાહ પર બસ કદમ શહેનશાહી
બધી તાબેદારી તજી નીકળ્યો છું.
રહે ચાલતી મહેફિલો અંદરની
નથી હું ખુદાઈ લઈ નીકળ્યો છું.

- સંકલિત